<table>
<tr><td rowspan="5">GJSN170009222025</td><td rowspan="5"></td><td>દાખલ થયા તારીખ:</td><td colspan="3">૦૪/૦૮/૨૦૨૫</td></tr>
<tr><td>રજુ કર્યા તારીખ:</td><td colspan="3">૦૪/૦૮/૨૦૨૫</td></tr>
<tr><td>ફેસલ કર્યા તારીખ:</td><td colspan="3">૨૦/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમય મર્યાદા</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૭</td><td>૧૬</td></tr>
</table>

**થાનગઢના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મું. થાનગઢ.**

**ફોજદારી કેસ નં.૬૮૦/૨૦૨૫**

**આંક–૨૨**

**<u>ફરિયાદી:–</u>** શ્રી સ ર કા ર

**––– વિરૂધ્ધ–––**

**<u>આરોપી:–</u>** (૧) **જયદિપભાઇ રમેશભાઇ કિહલા, ઉ.વ.૨૨**

(૨) **રમેશભાઇ ગંગારામભાઇ ગઢાદરા, ઉ.વ.૫૦**

બંને રહે. થાનગઢ જગદંબાધાર, શેરી નં.૦૩,

તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર

==================================================

**ગુન્હો:–બી.એન.એસ.ની કલમ–૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫** મુજબ.

==================================================

ફરિયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.જે. ચૌહાણ

આરોપીઓ પક્ષ તરફે : વિ.વકીલ શ્રી ડી.સી. ચાવડા

==================================================

**–:: ચૂકાદો ::–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૧૮/૦૫/૨૦૨૫ના રોજ સાંજના કલાક ૨૦:૩૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીશ્રીના દિયરના દીકરા સુનીલભાઇએ આરોપી નં.૧ ની ભાણી સાથે બે ત્રણ દિવસ પહેલા મોટર સાયકલ ભટકાડેલ હોય. જે બાબતનું મનદુ:ખ રાખી આ કામના આરોપી નં.૧ નાએ પોતાના હાથમાં લાકડાનો ધોકો લઇ ફરીયાદીશ્રીની દીકરી ભુમિબેનના માથામાં મારી મુંઢ ઈજાઓ કરી તેમજ આરોપી નં.૨ નાઓએ સાહેદોને પાડી દઈ માર મારી મુંઢ ઈજાઓ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મહે. જિલ્લા મેજી. સાહેબ સુરેન્દ્રનગરના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી **બી.એન.એસ.ની કલમ–૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યા અંગેની ફરિયાદ, ફરિયાદીએ થાનગઢ પો.સ્ટે.માં નોંધાવતા પો.સ્ટે.ના અધિકારીએ ફરિયાદીની ફરિયાદ ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૫૦૨૫૦૩૦૫/૨૦૨૫થી નોંધી ગુન્હાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે આપ્યા બાદ **આંક–૩ થી** તહોમતનામું ફરમાવી **આંક–૪, ૫ થી** આરોપીઓના નિવેદન લેતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલા છે. ફરિયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

**–: મૌખિક પુરાવા:–**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | પંચ સાહેદ અરુણભાઇ રઘુભાઇ મકવાણાની જુબાની |
| ૨ | ૦૮ | પંચ સાહેદ કમલેશભાઇ મુકેશભાઇ નાકિયાની જુબાની |
| ૩ | ૦૯ | પંચ સાહેદ વિનોદભાઇ ભાવુભાઇ ડેરવાડીયાની જુબાની |
| ૪ | ૧૨ | ફરીયાદી રમાબેન દીલીપભાઇ ખમાણીની જુબાની |
| ૫ | ૧૫ | સાહેદ ભુમીબેન દીલીપભાઇ ખમાણીની જુબાની |
| ૬ | ૧૬ | સાહેદ રંજનબેન કીશોરભાઇ ખમાણીની જુબાની |
| ૭ | ૧૭ | સાહેદ માયાબેન સંજયભાઇ ખમાણીની જુબાની |

(૪) ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**<u>-: દસ્તાવેજી પુરાવા:-</u>**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૦ | આરોપી અટક અંગેનું પંચનામું |
| ૩ | ૧૩ | ફરીયાદ |
| ૪ | ૧૮ | મેડિકલ સર્ટિફિકેટ |
| ૫ | ૧૯ | જાહેરનામું |

(૫) આ સિવાય ફરિયાદપક્ષે બીજો કોઇ પુરાવો રજૂ કરેલ નથી અને ફરિયાદપક્ષ તરફે **આંક-૨૦ થી** પોતાના તરફેનો પુરાવો પુરો થયા અંગેની કલોઝીંગ પુરસીસ રજૂ કરતા પડેલ પુરાવો ધ્યાને લેતા આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૭ ની જોગવાઇ અન્વયે વિશેષ જવાબ નોંધવા લાયક પુરાવો ન જણાતા નોંધવામાં આવેલ નથી.

(૬) આ કેસની આખરી દલીલના તબકકે ફરીયાદીશ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓ તરફે વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળેલ છે. જે પુરાવાનાં મુલ્યાંકન વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૭) આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૮/૦૫/૨૦૨૫ના રોજ સાંજના કલાક ૨૦:૩૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીશ્રીના દિયરના દીકરા સુનીલભાઈએ આરોપી નં.૧ ની ભાણી સાથે બે ત્રણ દિવસ પહેલા મોટર સાયકલ ભટકાડેલ હોય. જે બાબતનું મનદુ:ખ રાખી આ કામના આરોપી નં.૧ નાએ પોતાના હાથમાં લાકડાનો ધોકો લઈ ફરીયાદીશ્રીની દીકરી ભુમિબેનના માથામાં મારી મુંઢ ઈજાઓ કરી તેમજ આરોપી નં.૨ નાઓએ સાહેદોને પાડી દઈ માર મારી મુંઢ ઈજાઓ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મહે. જિલ્લા મેજી. સાહેબ સુરેન્દ્રનગરના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી **બી.એન.એસ.ની કલમ–૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું આખરી હુકમ ?

(૮) **ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.**

**–:: નિર્ણયો ::–**

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

**–:: કારણો ::–**

(૯) ઉપરોકત કારણો અંગેની કાનુની ચર્ચા કરતા પહેલા ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ મૌખિક પુરાવાનું મુખ્ય સારાંશ નોંધવુ આવશ્યક જણાઇ આવે છે. જે નીચે મુજબ છે.

**મુદ્દા નંબર–૧**

(૯.૧) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **પંચ સાહેદ અરુણભાઈ રઘુભાઈ મકવાણાને આંક–૦૬ થી તથા પંચ સાહેદ કમલેશભાઈ મુકેશભાઈ નાકિયાને આંક–૦૮થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, આજથી ચાર માસ અગાઉ હું થાનગઢ પોલીસ સ્ટેશન રોડ ઉપરથી પસાર થતો હતો તે વખતે પોલીસે મને ઉભો રાખી એક તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા અમોએ સહી કરેલી. આ તૈયાર લખેલા કાગળમાં શું લખેલ તે મેં વાંચેલ નહી તેમ જણાવી **આંક–૦૭** વાળા પંચનામામાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. **સદર પંચ સાહેદોની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલ.

(૯.૨) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **પંચ સાહેદ વિનોદભાઈ ભાવુભાઈ ડેરવાડીયાને આંક–૦૯** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, આજથી ચાર માસ અગાઉ હું થાનગઢ પોલીસ સ્ટેશન રોડ ઉપરથી પસાર થતો હતો તે વખતે પોલીસે મને ઉભો રાખી એક તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા અમોએ સહી કરેલી. આ તૈયાર લખેલા કાગળમાં શું લખેલ તે મેં વાંચેલ નહી તેમ જણાવી **આંક–૧૦** વાળા પંચનામામાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. **સદર પંચ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલ.

(૯.૩) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **ફરિયાદી રમાબેન દીલીપભાઇ ખમાણીને આંક-૧૨થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ બનેલ. બનાવના દીવસે હું વાદીપરા રેલવે સ્ટેશન પાસે આવેલ માતાજીના મઢે હતી તે વખતે મારા દીયરના દીકરા સંજય તથા તેના પત્ની માયાબેન આવેલા અને મને વાત કરેલ કે ભુમીને વાગેલ છે. જેથી હું થાનગઢ સરકારી દવાખાને ગયેલ અને ભુમીને પુછતા ભુમીએ જણાવેલ કે આપણી શેરીમા રહેતા જયદીપભાઇ રમેશભાઇ કીહલાના ઘર પાસે દેકારો થતો હોય જેથી હુ ત્યા ગયેલી ત્યા રંજનકાકી તથા માયાકાકી સાથે સામાન્ય બોલાચાલી થતી હોય ત્યા ઘણાબધા માણસો ભેગા ગઇ ગયેલા અચાનક ધક્કા મુક્કી થતા પડી જવાથી મારી દીકરીને માથામા ઇજા થયેલી. જે બાબતે મે થાનગઢ પો.સ્ટેશન ખાતે ફરીયાદ આપેલી. દા.આંક-૧૩ આરોપીને ઓળખુ છુ જે નામદાર કોર્ટમા હાજર છે. આ ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં સાહેદે ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. **સદર ફરિયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મારી દીકરી ભુમીને ધક્કા મુક્કીમા પડી જવાથી માથાના ભાગે ઇજા થયેલ. એ વાત ખરી છે કે રંજનબેન તથા માયાબેનને પણ ધક્કા મુક્કીમા પડી જવાથી મુંઢ ઇજા થયેલ. એ વાત ખરી છે કે આરોપીઓએ અમોને ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

(૯.૪) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ ભુમીબેન દીલીપભાઇ ખમાણીને આંક-૧૫થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ બનેલ. બનાવના દીવસે હું અમારી શેરીમા રહેતા જયદીપભાઇ રમેશભાઇ કીહલાના ઘરે દેકારો થતા હું ત્યા ગયેલી ત્યા રંજનબેન તથા માયાબેન હાજર હોય અને જયદીપભાઇ સાથે તેમને સામાન્ય બોલાચાલી થતી હોય ત્યા ઘણાબધા માણસો ભેગા ગઇ ગયેલા અચાનક ધક્કા મુક્કી થતા પડી જવાથી મને

માથામા ઈજા થયેલી. તેમજ રંજનબેન તથા માયાબેનને પણ સામાન્ય ઈજા થયેલી. જે બાબતે મારા મમ્મીએ થાનગઢ પો.સ્ટેશન ખાતે ફરીયાદ આપેલી. આરોપીને ઓળખુ છુ જે નામદાર કોર્ટમા હાજર છે. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલ છે તેમ છતા સાહેદે ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે, એ વાત ખરી છે કે મને ધક્કા મુક્કીમા પડી જવાથી માથાના ભાગે ઈજા થયેલ. એ વાત ખરી છે કે રંજનબેન તથા માયાબેનને પણ ધક્કા મુક્કીમા પડી જવાથી મુંઢ ઈજા થયેલ. એ વાત ખરી છે કે આરોપીઓએ અમોને ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

(૯.૫) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ રંજનબેન કીશોરભાઈ ખમાણીને આંક–૧૬થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ બનેલ. બનાવના દીવસે હું તથા માયાબેન તથા ભુમી અમારી શેરીમા રહેતા જયદીપભાઈ રમેશભાઈ કીહલાના ત્યા હાજર હોય અને જયદીપભાઈ સાથે મારે અને માયાબેનને સામાન્ય બોલાચાલી થતી હોય ત્યા ઘણાબધા માણસો ભેગા ગઈ ગયેલા અચાનક ધક્કા મુક્કી થતા પડી જવાથી ભુમીને માથામા ઈજા થયેલી. તેમજ માયાબેન તથા મને પણ સામાન્ય ઈજા થયેલી. જે બાબતે રમાબેને થાનગઢ પો.સ્ટેશન ખાતે ફરીયાદ આપેલી. આરોપીને ઓળખુ છુ જે નામ.કોર્ટમા હાજર છે. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલ છે તેમ છતા સાહેદે ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ભુમીને ધક્કા મુક્કીમા પડી જવાથી માથાના ભાગે ઈજા થયેલ. એ વાત ખરી છે કે માયાબેન તથા મને પણ ધક્કા મુક્કીમા પડી

જવાથી મુંઢ ઈજા થયેલ. એ વાત ખરી છે કે આરોપીઓએ અમોને ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

(૯.૬) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ માયાબેન સંજયભાઈ ખમાણીને આંક–૧૭થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ બનેલ. બનાવના દીવસે હું તથા રંજનબેન તથા ભુમી અમારી શેરીમા રહેતા જયદીપભાઈ રમેશભાઈ કીહલાના ત્યા હાજર હોય અને જયદીપભાઈ સાથે મારે અને રંજનબેન સામાન્ય બોલાચાલી થતી હોય ત્યા ઘણાબધા માણસો ભેગા ગઈ ગયેલા અચાનક ધક્કા મુક્કી થતા પડી જવાથી ભુમીને માથામા ઈજા થયેલી. તેમજ રંજનબેન તથા મને પણ સામાન્ય ઈજા થયેલી. જે બાબતે રમાબેને થાનગઢ પો.સ્ટેશન ખાતે ફરીયાદ આપેલી. આરોપીને ઓળખુ છુ જે નામ.કોર્ટમા હાજર છે. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલ છે તેમ છતા સાહેદે ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ભુમીને ધક્કા મુક્કીમા પડી જવાથી માથાના ભાગે ઈજા થયેલ. એ વાત ખરી છે કે રંજનબેન તથા મને પણ ધક્કા મુક્કીમા પડી જવાથી મુંઢ ઈજા થયેલ. એ વાત ખરી છે કે આરોપીઓએ અમોને ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

**(૧૦)** આમ, ઉપરોકત રીતે ફરીયાદ પક્ષે તપાસેલા ફરીયાદી તથા સાહેદોએ પોતાના કોર્ટ સમક્ષના પુરાવામાં પોતાની ફરીયાદ–પોલીસ રૂબરૂના નિવેદનને સમર્થનકારી કોઈ હકીકતો નહીં જણાવતા સાહેદોને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. ફરી ગયેલા જાહેર કરી સાહેદોની વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પુરાવા અધિનિયમની જોગવાઈ અન્વયે વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પણ સાહેદોએ ફરીયાદ–નિવેદનની હકીકતોને સમર્થનકારી કોઈ હકીકતો જણાવી નથી. તે બાદ સાહેદોની બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ. ઉલટ તપાસમાં

પણ સાહેદો એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ. બોલાચાલી દરમ્યાન ઘણા બધા માણસો ભેગા થતાં ધકકા મુકકી થતાં તેઓને ઈજા થયેલી. હાલ તેઓ નિર્ભય રીતે હરીફરી શકે છે. આમ, ફરીયાદ પક્ષે ઉપરોકત પેરામાં જણાવ્યા મુજબના તપાસવામાં આવેલા સાહેદોનું પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી તથા સાહેદો તથા પંચો ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદ પક્ષ મૌખિક ધ્વારા આરોપી વિરુધ્ધ **બી.એન.એસ.ની કલમ–૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫** મુજબનો ગુનો પુરવાર કરી શકેલ નથી.

**(૧૧)** ફરીયાદ પક્ષે બાકી રહેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો આંક–૦૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે પરંતુ તેનાથી આરોપી વિરુધ્ધના ગુનાને લગતી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આંક–૧૦ થી મુદ્દામાલ હથિયાર કબજે કર્યા અંગેના પંચનામા રજૂ થયેલ છે, જે ધ્યાને લેતા ગુનામાં વપરાયેલ હથિયાર કબજે કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ખુદ ફરીયાદી તથા સાહેદોએ બનાવ સમયે આરોપીએ કોઇ હથિયારનો ઉપયોગ કરેલ હોય કે હથિયાર વડે કોઈ ઈજા પહોંચાડેલ હોય તેવી હકીકતને સમર્થન આપેલ નથી. વધુમાં ઈજા પામનાર સાહેદને થયેલ ઈજા અંગેનું પ્રમાણપત્ર રજૂ થયેલ છે તે ઈજાઓ આ કામના આરોપી ધ્વારા પહોંચાડવામાં આવેલ હોય તેવી હકીકતને કોઈપણ સાહેદો ધ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન આપેલ નથી. હાલના કામે ચાર્જશીટ જોવામાં આવે તો બિભત્સ ગાળો બોલ્યાનો આક્ષેપ છે ત્યારે **નામદાર ગુજરાત હાઈકોર્ટનું પ્રવિણભાઈ બેચરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનું ૨૦૦૭(૧) જીએલએચ પાના નં.૩૩૭** ના જેજમેન્ટમાં જે ચર્ચા કરેલ છે તે ધ્યાનમાં લઈએ તો, "Actual words used by accuse not coming on record-unless they come on record, it is not possible to hold that the offence is commited-The insult as envisaged in **section 504** must not only be intentional but also thereby must give provocation to person insulted to break

public peace or to commit any other offense." ઉપરોકત નામદાર મદ્રાસ હાઇકોર્ટે નોબલ મોહનદાસ વિરુધ્ધ ૧૯૮૯, ક્રિમીનલ લો જનરલ પાના નં. ૬૬૯માં સ્પષ્ટતા કરી છે કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેટલા માત્રથી **ઇ.પી.કો.કલમ–૫૦૬(૨)** મુજબનો ગુનો બનતો નથી પરંતુ ફરીયાદીએ બનાવ બન્યા બાદ દહેશતના કારણે પોલીસ સમક્ષ પ્રોટેકશનની માંગણી કરી હોય અથવા સલામતી બાબતે કોઇ સહાય મેળવી હોય તેવી વિગત રેકર્ડ ઉપર લાવવી જોઇએ જે હાલના કામે નથી. વધુમાં, આ સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટનો વધુ એક ચુકાદો નોંધવામાં આવે તો **Gujarat High Court in Mahasukhrai Keshavlal Joshi vs State Of Gujarat decided on 22 March, 2007** reported in 2007(2) GLH 201 held that It is settled that for making out a case of criminal intimidation under **Section 506(2)** of the Indian Penal Code, it must be established that the accused had anintention to cause an alarm to the complainant. Mere threat given by the accused, not with an intention to give an alarm to the complainant but with a view to deterring him from interfering with what the accused believe either about his right or other status, would not constitute an offence of criminal intimidation. આ તબકકે **નામદાર બોમ્બે હાઇકોર્ટ ધ્વારા રમેશ મુળચંદ વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય, ૧૯૮૦ ક્રિમિનલ લો રીપોર્ટર–૫૩૬** ના ચુકાદામાં, **નામદાર બોમ્બે હાઇકોર્ટના ડિવિઝન બેન્ચનો ચુકાદો રાજય વિ.અઝીઝખાન સુબેદારખાન, એ.આઇ.આર. ૧૯૫૬ (બોમ્બે) ૬૮૦** નો આધાર લઇને એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, કલમ–૩૭ હેઠળના જિલ્લા મેજીસ્ટ્રેટના હુકમનામાની જયારે વિધિવત રીતે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવ્યા હોવાનો કોઇ પુરાવો ન હોય તેમજ સદરહુ જાહેરનામું લોકોની જાણમાં આવે તેવો બીજો કોઇપણ પુરાવો ન હોય તો તેની કાયદેસર જાહેર પ્રસિધ્ધિના અભાવે તેનો ભંગ માની આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. **નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો બાઇ શાંતાબહેન વાઇફ ઓફ શામળભાઇ વિ. યુનિયન ઓફ**

**ઇન્ડિયા, ૨૦૦૨(૨) જી.એલ.એચ. પેજ નં.૨૮૫** નો ચુકાદો વંચાણે લેતાં તેમાં નામદાર હાઇકોર્ટે ઠરાવેલ છે કે, ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ નો ગુન્હો સાબિત થવા માટે જાહેરનામું યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તે હકીકત પણ સાબિત થવી જરૂરી છે. વધુમાં જાહેરનામાનો ભંગ કરી હાલનો આક્ષેપિત ગુન્હો આચરેલો હોય તે બાબતનું ખંડન કરવા બચાવ પક્ષની દલીલ મુજબ ફરીયાદ પક્ષે કેવા પ્રકારે જાહેરનામું પ્રસિધ્ધી કર્યું તેનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો પણ આરોપી વિરૂધ્ધના ગુનાને પુરવાર કરવામાં મદદરૂપ નીવડી શકેલ નથી. આમ, ફરીયાદ પક્ષે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તા.૧૮/૦૫/૨૦૨૫ના રોજ સાંજના કલાક ૨૦:૩૦ વાગ્યાના અરસામાં આ કામના ફરીયાદીશ્રીના દિયરના દીકરા સુનીલભાઇએ આરોપી નં.૧ ની ભાણી સાથે બે ત્રણ દિવસ પહેલા મોટર સાયકલ ભટકાડેલ હોય. જે બાબતનું મનદુ:ખ રાખી આ કામના આરોપી નં.૧ નાએ પોતાના હાથમાં લાકડાનો ધોકો લઇ ફરીયાદીશ્રીની દીકરી ભુમિબેનના માથામાં મારી મુંઢ ઇજાઓ કરી તેમજ આરોપી નં.૨ નાઓએ સાહેદોને પાડી દઇ માર મારી મુંઢ ઇજાઓ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, મહે. જિલ્લા મેજી. સાહેબ સુરેન્દ્રનગરના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યો હોય તેવી હકીકત પુરવાર થઇ શકેલ ન હોઇ આરોપીને તેઓની વિરૂધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોઇ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

**૧.** આ કામના આરોપી **(૧) જયદિપભાઇ રમેશભાઇ કિહલા, ઉ.વ.૨૨ (૨) રમેશભાઇ ગંગારામભાઇ ગઢાદરા, ઉ.વ.૫૦** બંને રહે. થાનગઢ જગદંબાધાર, શેરી નં.૦૩, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગરનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ અન્વયે **બી.એન.એસ.ની કલમ–**

**૧૧૫(૧), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫** મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબજે કરાયેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમયના જામીન રૂા.૫૦૦૦/– ના રજૂ કરવા અન્યથા અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** આ હુકમની અંગેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૩/૨૦૨૬ (વિપુલ કાંતિભાઈ વાઘેલા)

થાનગઢ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

થાનગઢ

**યુનિક કોડ નં.જીજે ૦૧૪૬૫**